
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## આ કોઈ હિલ સ્ટેશન નહીં પરંતુ ડુમસ સી ફેસ ડેવલમેન્ટનો સનસેટ છે...





■ સુરતીઓ હરવા ફરવાના ભારે શોખીન છે અને જ્યારે પણ હિલસ્ટેશન જાય ત્યારે ત્યાંનો 'સનરાઈઝ' અને 'સનસેટ' જોવા માટે ખાસ નક્કી થયેલા સ્થળે જાય છે. સુરત બહારના 'સનરાઈઝ' અને 'સનસેટ' જોતાં સુરતીઓને હવે ઘરઆંગણે હિલસ્ટેશન જેવાં જ 'સનરાઈઝ' અને સનસેટ' જોવા મળી શકે છે. પ્રસ્તુત તસવીર તાજેતરમાં લોકાર્પણ કરાયેલા ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ખાતેથી લેવાયેલી છે. તસવીરમાં અદભૂત ડૂબતો સૂરજ એટલે કે 'સનસેટ' અને તેને કારણે આકાશ સોનેરી કલરનું થઈ જવા પામ્યું છે. ડુમસ સી ફેસ ખાતેથી ડૂબતો સૂરજ જોવો એ એક લ્હાવા સમાન છે. ડુમસ સી ફેસના સેકન્ડ ફેઈઝનું પણ હાલમાં કામ શરૂ થઈ ગયું છે ત્યારે ડુમસનો આ સી ફેસ ભવિષ્યમાં મરિન ડ્રાઈવ અને દુબઈના મરિના જેવો અહેસાસ જરૂરથી કરાવશે. (ત.: હેમંત ડેરે)

## માવતર ખુદ પોતાના જ સંતાન માટે ઘાતકી બની

# માતાએ 2 વર્ષની પુત્રીને તમાચા, વેલણ, સાવરણીથી મારતાં મોત

**વરાછાની** વર્ષા સોસા. માં રહેતી લખી સોલંકીએ ત્રીજા ક્રમની બે વર્ષની દીકરીની હેરાનગતિથી તંગ આવી ઢોર માર માર્યો

**દીકરીને** એટલી મારી કે બેભાન થઈ ગઈ અને મોંઢામાંથી ફીણ નીકળી ગયું, બ્રેઈન હેમરેજ થઈ ગયું

સુરતઃ સુરત શહેરના વરાછા વિસ્તારમાંથી એક અત્યંત કરુણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેણે સમગ્ર શહેરને હચમચાવી દીધું

...અનુસંધાન પાના ૭ પર

### ફોરેન્સિક રિપોર્ટમાં ચોંકાવનારી વિગતો, અલગ અલગ સમયે માર મારવામાં આવ્યો

સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના નિષ્ણાત ડો. સંદીપ રલોતીએ જણાવ્યું હતું કે, બાળકીના શરીર પર જુદા જુદા સમયગાળામાં માર મારવામાં આવ્યો હોવાના સ્પષ્ટ પુરાવા મળ્યા છે. તેમણે જણાવ્યું કે હાથ, લાકડી અને પટ્ટા જેવી વસ્તુઓથી માર મારવામાં આવ્યો હતો. શરીર પર અનેક બાહ્ય ઈજાઓ જોવા મળી, ગંભીર હેડ ઈન્જરીના કારણે બ્રેઇન હેમરેજ થયું, જેના પરિણામે બાળકીનું મોત થયું.

### પોલીસે માતા-અન્ય બાળકોના નિવેદન લીધાં

ઘટનાની જાણ થતાં જ પોલીસ હરકતમાં આવી છે. હાલમાં માતા તેમજ અન્ય ત્રણેય બાળકોના નિવેદન લેવામાં આવી રહ્યા છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ દુઃખદ બનાવ એ વાતનો પુરાવો છે કે ગુસ્સામાં લેવાયેલા નિર્ણયો કેટલા ઘાતક બની શકે છે. ખાસ કરીને બાળકો સાથેનો વલણ સંયમ અને સમજદારીથી રાખવો જરૂરી છે. આ ઘટના માતા-પિતા માટે લાલબત્તી સમાન છે કે બાળકની સંભાળમાં સહનશીલતા અને પ્રેમ સૌથી મહત્વપૂર્ણ છે, હિંસા નહીં.

# કારીગરોને ઈન્ડક્શન આપ્યા છતાં ઉપયોગ પર પ્રતિબંધ

**સચિન** જીઆઈડીસીમાં ઉદ્યોગકારો દ્વારા અપાયેલા ઈન્ડક્શન ચૂલા વાપરવાની ખોલી માલિકોની ના

સુરતઃ સચિન જીઆઈડીસી વિસ્તારમાં હાલમાં ગેસ સિલિન્ડરની અછતને કારણે કારીગરો મુશ્કેલીમાં મુકાયા છે. ઉદ્યોગકારોએ કારીગરોને સહાયરૂપ બનવા માટે ઈન્ડક્શન ચુલા આપવાની શરૂઆત કરી છે, પરંતુ ખોલીના માલિકો દ્વારા ઈન્ડક્શનનો ઉપયોગ કરવા દેવામાં આવતો નથી, જેના કારણે કારીગરોમાં અસંતોષ ફેલાયો છે. સચિન જીઆઈડીસીમાં અંદાજે 2200થી વધુ ફેક્ટરીઓ કાર્યરત છે, જેમાં વિવિંગ, પ્રોસેસિંગ, કેમિકલ, એન્જિનિયરિંગ અને સ્ટિચિંગ યુનિટો સામેલ છે. અહીં કામ કરતા હજારો કારીગરો નજીકના સચિન, તલંગપુર અને ઉન વિસ્તારોમાં આવેલી ખોલીઓમાં રહે છે. આ વિસ્તારોમાં

...અનુસંધાન પાના ૭ પર

### અછત નિવારવા 41 સંસ્થાને ગેસ કનેક્શનની પુરવઠા વિભાગની મંજૂરી

ગેસ સિલેન્ડરોની અછત ન થાય અને યોગ્ય આયોજનના ભાગરૂપે જિલ્લા પુરવઠા વિભાગે આજે 28 સ્કૂલ-કોલેજ, 10 હોસ્પિ., 1 રેલવે કેન્ટીન તેમજ 2 વૃદ્ધાશ્રમ મળીને 41 સંસ્થાઓને કમર્શીયલ ગેસ સિલેન્ડર માટેની મંજુરી આપી છે.

## સચિન અને ભેસ્તાનમાંથી ગેસનું ગેરકાયદે રિફિલિંગ કરતા ૧૩ દુકાનદાર પકડાયા

**પોલીસે** અલગ અલગ 13 ગુના નોંધી 21 ગેસના બાટલા, 13 રિફિલિંગ મશીન, 13 ઈલે. વજનકાંટા કબજે કર્યા

સુરતઃ ગેસના બાટલાની અછત છે ત્યારે સુરત પોલીસે અલગ-અલગ ૧૩ સ્થળોએ દરોડા પાડી ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતા દુકાનદારોને રંગે હાથ પકડી પાડ્યા છે. દરોડામાં ૮૬ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

પોલીસે સચિન, સચિન GIDC અને ભેસ્તાન વિસ્તારમાં આવેલી કરિયાણા અને ઇલેક્ટ્રિકની દુકાનોમાં તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ શખ્સો સુરક્ષિત સાધનો વગર જોખમી રીતે ગેસ રિફિલિંગ કરી લોકોના જીવ જોખમમાં મૂકતા હતા.પોલીસ દરોડા દરમિયાન કુલ ૨૧ ગેસના બાટલા (નાના-મોટા અને ખાલી-ભરેલા), ૧૩ રિફિલિંગ મશીન (નળી અને વાલ્વ સાથે) તેમજ ૧૩ ઇલેક્ટ્રિક વજન કાંટા મળી કુલ ૮૬,૦૬૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. કાર્યવાહી દરમિયાન સચિન પોલીસે ૦૫ કેસ, સચિન GIDC પોલીસે ૦૬ કેસ અને ભેસ્તાન પોલીસે ૦૨ કેસ નોંધ્યા હતા. પકડાયેલા તમામ 13ની સામે પોલીસે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### પકડાયેલા કરિયાણા અને ઇલેક્ટ્રિકના વેપારીઓ

(૧) દિપક ઝાલમચંદ કલાલ ઉ.વ-૨૪ ધંધો-જય માતાજી ઇલેક્ટ્રીક એન્ડ સ્ટીલ ભંડાર નામની દુકાન રહે-પ્લોટ નંબર-૩૫,૩૬ આકાશ કોમ્પલેક્ષ વાંઝગામ (૨) મુકેશકુમાર રોશનલાલ મેવાડા ઉ.વ-૩૦ ધંધો-રહે- પ્લોટ નંબર ૬૧,૬૨,૬૩ આકાશ કોમ્પલેક્ષ વાંઝગામ સચીન (૩) શ્રવણલાલ બશ્તીમલ કલાલ ઉ.વ.૩૨ ધંધો-વેપાર રહે-પ્લોટ નંબર ૩૮,૩૯,૪૦ જમશેદનગર જલારામ સચીન (૪) નીતુબેન શૈલેન્દ્રભાઇ દુબે ઉ.વ-૨૭ ધંધો-મહાકાલ કિરાણાની દુકાન રહે-સુડા સેક્ટર-૦૨ પ્લોટ નંબર-૧૨૦ જીતુસિંગની બીલ્ડીંગ સચીન (૫) ઇશ્વર શંકરલાલ કલાલ ઉ.વ-૩૬ ધંધો-ભેરૂનાથ કિરાણા સ્ટ્રોલ નામની દુકાન રહે-પ્લોટ નં-૪૭ જમશેદનગર સોસાયટી જલારામનગરની બાજુમાં સચીન (૬) સંજય ભૈયાલાલ આરક ઉ.વ

...અનુસંધાન પાના ૭ પર

# ગજેરા બંધુઓ સામેની ફરિયાદ ક્વોશિંગ કરવા હાઈકોર્ટનો ઈન્કાર

**વસંત** ગજેરા સહિતના ગજેરા બંધુઓ અને અન્યો સામે સુરતમાં રૂપિયા 1900 કરોડની છેતરપિંડી અને દસ્તાવેજોમાં છેડછાડની ફરિયાદ નોંધાયેલી છે

**ગજેરા** બંધુઓ દ્વારા આ ફરિયાદની સામે હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન કરવામાં આવી હતી, હાલના તબક્કે તપાસ અટકાવવાનો પણ હાઈકોર્ટનો ઈન્કાર

અમદાવાદઃ સુરતના જાણીતા ઉદ્યોગપતિ વસંતભાઈ હરિભાઈ ગજેરા સહિતના આરોપીઓ વિરુદ્ધ નોંધાયેલી અંદાજે રૂ. ૧,૯૦૦ કરોડની છેતરપિંડી અને દસ્તાવેજોમાં છેડછાડ મામલે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. જસ્ટીસ એમ આર મેંગડેએ અરજદારોની એફઆઈઆર રદ કરવાની માંગણી ફગાવી દીધી છે અને પોલીસ તપાસમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો છે.

સુરતના ડીસીબી પોલીસ મથકે ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ નોંધાયેલી ફરિયાદમાં આરોપીઓ પર નાણાકીય ગેરરીતિ, ગેરકાયદેસર નાણાં વ્યવહાર અને ખોટી સહીઓ કરીને શેરહિસ્સામાં મોટો ઘટાડો કરવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. ફરિયાદીએ દાવો કર્યો હતો કે તેમના પરિવારની સહીઓ ખોટી રીતે દસ્તાવેજોમાં કરીને કંપનીમાં તેમનો હિસ્સો ૪૩ ટકા પરથી ઘટાડી માત્ર ૪ ટકા કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન સરકાર પક્ષે ગાંધીનગર સ્થિત ન્યાયિક વિજ્ઞાન પ્રયોગશાળાનો અહેવાલ રજૂ કર્યો હતો, જેમાં દસ્તાવેજો પરની સહીઓ બનાવટી હોવાનું સામે આવ્યું હતું. આ મહત્વના પુરાવાને ધ્યાને લઈને જસ્ટીસ મેંગડેએ નોંધ્યું હતું કે, જ્યારે હસ્તાક્ષર નિષ્ણાતનો અહેવાલ અરજદારો વિરુદ્ધમાં હોય અને પ્રાથમિક દ્રષ્ટિએ ગુનો સાબિત થતો હોય ત્યારે તપાસમાં થયેલો વિલંબ ગૌણ ગણાય છે. અરજદારો તરફથી આ મામલો દીવાની વિવાદ ગણાવી અને ફરિયાદમાં વિલંબનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, પરંતુ ન્યાયાલયે આ દલીલોને માન્ય રાખી નથી. સાથે જ જસ્ટીસ મેંગડેએ સ્પષ્ટ નિરીક્ષણ કર્યું હતું કે સહીઓની સત્યતા અને જવાબદારીનો મુદ્દો સંપૂર્ણ રીતે ટ્રાયલ દરમિયાન નક્કી થશે અને હાલના

...અનુસંધાન પાના ૭ પર

## અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવને કારણે

# સુરત શહેરમાં રાત્રિનું તાપમાન ઘટ્યું, આજે માવઠાની આગાહી

**હવામાં** ભેજનું પ્રમાણ 58 ટકા નોંધાયું, 6 કિ.મી.ની ઝડપે પવન ફૂંકાતા ઠંડક પ્રસરી

સુરતઃ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે સુરતમાં રાત્રિનું તાપમાન ઘટવાની સાથે આવતીકાલથી માવઠું થવાની આગાહી કરવામાં આવી છે. સુરતમાં લઘુત્તમ તાપમાન 1.3 ડિગ્રી ઘટીને 20.6 ડિગ્રી તેમજ મહત્તમ તાપમાન 0.3 ડિગ્રી વધીને 33.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 58 ટકા રહ્યું હતું અને ઉત્તર-પશ્ચિમ દિશાથી લગભગ 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. આ પરિસ્થિતિએ વાતાવરણમાં ઠંડકનો આંશિક અહેસાસ કરાવ્યો છે.

હવામાન વિભાગ મુજબ, અપર એર સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય બનતાં અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવને કારણે રાજ્યના હવામાનમાં મહત્વપૂર્ણ ફેરફાર જોવા મળી રહ્યો છે. આ સિસ્ટમના કારણે ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. 19 માર્ચે દિવ, દાદરા અને નગર હવેલી, કચ્છ, મહિસાગર અને સુરતમાં માવઠું પડવાની શક્યતા દર્શાવવામાં આવી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે 20 માર્ચે કચ્છ, બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા સહિતના વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા છે. 18થી 20 માર્ચ દરમિયાન સમગ્ર રાજ્યમાં વરસાદી

...અનુસંધાન પાના ૭ પર

# 17 વર્ષ પહેલાના લાંચ કેસમાં PWDના ઈજનેરને 3 વર્ષની કેદ

**અધિક** આસિ. ઈજનેર પ્રદીપ કારખાનીશે ગાર્ડનિંગના બાકી બિલ પેટે 25 હજારની લાંચ માંગતાં એસીબીએ પકડ્યા હતા

**હાલમાં** પ્રદીપ કારખાનીશ નિવૃત્ત થઈ ગયા છે, જામીન રદ્દ કરી કસ્ટડીમાં લેવાનો પણ આદેશ

સુરતઃ ૧૯ વર્ષ પહેલાં લાંચ કેસમાં પકડાયેલા માર્ગ અને મકાન વિભાગનાં અધિક આસિ. ઈજનેર પ્રદિપ શશીકાંત કારખાનીશને કોર્ટે ત્રણ વર્ષની કેદની સજાનાં હુકમ સાથે તેના જામીન રદ કરી કસ્ટડીમાં લેવાનો હુકમ કર્યો હતો.

હકીકત એવી છે કે, ભાટપોર ગામનાં ફરિયાદી વિનયકુમાર નરેશભાઈ પટેલ પી.ડબલ્યુ.ડી. હસ્તકના બિલ્ડિંગોનું હાઉસ કીપિંગ તથા ગાર્ડનિંગ વગેરેને લગતું કામ કોન્ટ્રાક્ટથી કરતાં હતા. તેમનું નવી સિવિલ હોસ્પિટલમાં ગાર્ડનીંગ

...અનુસંધાન પાના ૭ પર

### લાંચનાં અનિષ્ટને ડામવા માટે કોઈ પણ સંજોગોમાં હળવો અભિગમ દાખવી શકાય નહીં: કોર્ટ

ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ રાહુલ ત્રિવેદીએ પ્રવર્તમાન સમયમાં લાંચના વધતા અનિષ્ટ સંદર્ભે નોંધ્યું હતું કે, ભ્રષ્ટાચાર તે ભારત જેવા લોકશાહી દેશ માટે એક મોટું દુષણ છે, જે સામાજિક તથા આર્થિક વિકાસ પ્રતિરોધક છે. તેને જ લઈને કાયદામાં કઠોર શિક્ષાત્મક જોગવાઈ કરવામાં આવી છે. આરોપી તરફે એવી રજૂઆત

...અનુસંધાન પાના ૭ પર

# ચાર-ચારનાં મોત છતાં બિનધાસ્ત પારસ મિલનું વીજ કનેક્શન કટ

**જીપીસીબીના** આદેશને પગલે ડીજીવીસીએલએ વીજ કનેક્શન કાપ્યું

**હવે** વીજ કનેક્શન શરૂ કરવા માટે જીપીસીબીની મંજૂરી લેવી પડશે

સુરતઃ સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલી પારસ ડાઈંગ મિલમાં ટાંકી સાફ કરવાની કામગીરી દરમિયાન ચાર મજૂરોના કરુણ મોતની ઘટના બાદ જીપીસીબીએ તાજેતરમાં ડીજીવીસીએલને સત્તાવાર પત્ર લખી પારસ ડાઈંગ મિલનો વીજ પુરવઠો સંપૂર્ણપણે બંધ કરવા સૂચના આપી હતી. આ પત્રના આધારે ડીજીવીસીએલના અધિકારીઓએ આજે મિલનું વીજ કનેક્શન કાપી નાખ્યું છે.

સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલી પારસ ડાઈંગ મિલમાં ટાંકી સાફ કરવાની કામગીરી દરમિયાન ચાર મજૂરોના કરુણ મોતની ઘટનાએ ઉદ્યોગ વિસ્તારમાં ભારે અરેરાટી ઉભી કરી હતી. આ ગંભીર ઘટનાને પગલે જીપીસીબી દ્વારા કડક

...અનુસંધાન પાના ૭ પર

### શ્રમિકોનાં મોત છતાં પોલીસ કાર્યવાહી માટે લાચાર કેમ !

આ ઘટના બાદ ઉદ્યોગ વિસ્તારમાં કામદારોની સુરક્ષા અને સલામતીના નિયમો અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. તંત્ર દ્વારા હવે અન્ય ઉદ્યોગ એકમોમાં પણ ચકાસણી વધારવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે, જેથી આવી દુર્ઘટનાઓ ફરી ન બને. પરંતુ આ બધાની વચ્ચે ચાર જીવનો ભોગ લેનાર મિલ સંચાલક મનિષ જૈન સામે પોલીસ કાર્યવાહી કરવા લાચારી કેમ જોવા મળી રહી છે? આ સમગ્ર ઘટનાએ સુરતના ઉદ્યોગ જગતમાં સુરક્ષા ધોરણોને લઈને ફરી એકવાર ચિંતા ઊભી કરી છે અને તંત્રની કડક કાર્યવાહીનો સંદેશ સ્પષ્ટ આપ્યો છે.

### માત્ર સિંગલ ફેઝ કનેક્શન ચાલુ રાખ્યું

પારસ ડાઈંગને હાઈટેન્શન કનેક્શન હતું. ટેકનિકલ કારણોને ધ્યાનમાં રાખીને હાલ મિલમાં માત્ર સિંગલ ફેઝ વીજ પુરવઠો ચાલુ રાખવામાં આવ્યો છે, અને ટુ ફેસ કનેક્શન કટ કરી દીધું છે. જેથી ટ્રાન્સફોર્મર અથવા અન્ય વીજ ઉપકરણોમાં કોઈ ખામી ઊભી ન થાય. જોકે, ઉત્પાદન સંબંધિત તમામ કામગીરી સંપૂર્ણપણે બંધ કરાવી દેવાઈ છે.

# શ્રમિકોની હિજરત અટકાવવા પાંડેસરામાં 'મેગા કિચન' શરૂ કરાયું

**મફતનું** નથી ખાતા એવા ભાવ સાથે રોજ 5000 શ્રમિકોને માત્ર 50 રૂ.માં ભરપેટ ભોજન પીરસવાનું શરૂ કરાયું

સુરતઃ ગેસની અછતની સ્થિતિ વચ્ચે સુરતના પાંડેસરા ,સચિન ,ભેસ્તાન ,કડોદરા ,પલ સાણા ઇન્ડસ્ટ્રિયલ એરિયામાંથી કારીગરોવધુ સંખ્યામાં પલાયન નહીં કરે તે માટે પાંડેસરામાં 'મેગા કિચન'શરૂ કરવામાં આવ્યું છે. જેમાં હાલમાં 5000 શ્રમિકોને ભરપેટ ભોજન આપવામાં આવી રહ્યું છે.



પાંડેસરા, સચિન અને પલસાણા જેવા ઔધોગિક વિસ્તારોમાં લાખો શ્રમિકો વસે છે. છેલ્લા એક અઠવાડિયાથી ગેસ સપ્લાય ખોરવાતા શ્રમિકો માટે રોજિંદું ભોજન બનાવવું મુશ્કેલ બન્યું હતું. પરિણામે, ઘણા શ્રમિકોએ વતન પરત જવાની તૈયારી શરૂ કરી દીધી હતી, જે ટેક્સટાઇલ ઉદ્યોગ માટે ચિંતાજનક સ્થિતિ સર્જી રહી હતી.શ્રમિક વિકાસકુમાર શર્મા એ જણાવ્યું કે છેલ્લા પાંચ-છ દિવસથી ગેસ મળતો નથી અને નાના સિલિન્ડરના પણ 600-700 રૂપિયા વસૂલવામાં આવે છે. "જો આ ભોજન વ્યવસ્થા ન હોત, તો અમારે વતન પરત જવું પડત,"બીજા શ્રમિક સરોજ પાંડે

...અનુસંધાન પાના ૭ પર

# કાર કન્ટેનર પાછળ ઘૂસી જતાં સુરતના બેનાં મોત

**મલાતજથી** માતાજીના દર્શન કરી પરત ફરતી વેળા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર મનુબર પાસે અકસ્માત નડ્યો, અન્ય બે ઘાયલ

ભરૂચઃ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ભરૂચ નજીક મનુબર ગામે વહેલી સવારે અકસ્માતમાં બે યુવકનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે બે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. તમામ યુવકો સુરતના રહેવાસી હતા અને મલાતજ આણંદ સુજીત્રા ખાતે માતાજીના દર્શન કરી પરત ફરી રહ્યા હતા. બેદરકારી અને વાહનના વધુ પડતા વેગના કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાને પગલે મૃતકનો પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

સુરતના હીરાબાગ, વરાછા રોડ, ભક્તિનગર ખાતે રહેતા મહેન્દ્રભાઈ તુલસીભાઈ ગોહિલ (ઉ.વ.48)એ જણાવ્યું હતું કે, તેમનો 25 વર્ષનો આશાસ્પદ પુત્ર સુમિત ગઈકાલે સાંજે પોતાના મિત્રો કપિલ મહરાજ, નિગમ રાઠોડ અને યુગ દેસાઈ સાથે મલાતજ (આણંદ) સુજીત્રા ખાતે દર્શન કરવા જવાનું કહીને નીકળ્યો હતો. આ તમામ મિત્રો કપિલ મહરાજની ટાટા નેક્સન ગાડી નં.(GJ-05-RZ-1058)માં રાત્રિના સાડા નવ વાગે સુરતથી રવાના થયા હતા. બુધવારે વહેલી સવારે આ જ ગાડી સુરત પરત ફરી રહી હતી. એ દરમિયાન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના ભરૂચ નજીક સવારના સવા પાંચ વાગ્યાના સુમારે આ ગાડી પૂરઝડપે હતી, એ દરમિયાન આગળ ચાલતા કન્ટેનર નં.(CG-04-NM-8699)ની પાછળના ભાગમાં

...અનુસંધાન પાના ૭ પર

### મોતને ભેટનાર

1. સુમિત મહેન્દ્રભાઈ ગોહિલ (ઉ.વ.૨૫, રહે. ભક્તિનગર, હીરાબાગ, વરાછા રોડ)
2. નિગમ મુકેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૬)

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

શ્રધ્ધાંજલી



"જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે." કેટલું નહિ કેવું જીવ્યા એજ યાદ રહી જાય છે. તમારો દેહ તો વિલીન થયો છે, પરંતુ આત્મા વિલીન થયો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિ કદી વિસરાશે નહી. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
- લિ. -
શૈલેષભાઈ ભગુભાઈ આહિર
રમીલાબેન શૈલેષભાઈ આહિર
જય શૈલેષભાઈ આહિર
રાજવી સ્મીતકુમાર આહિર (હળદવા)
મુ.પો. અંભેટી
સ્વ. અમિતકુમાર વસંતભાઈ આહિર
સ્વ. તા : ૧૧/૦૩/૨૦૨૬
ગામ : નાની ધામડોદ

// ઉત્તરક્રિયા ની વિધિ //



અતિ દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિ/ભાઈ/પિતાશ્રી અમૃતભાઈ (બચુભાઈ) મોરારભાઈ રાણા (રીટા. સેન્ટ્રલ બેંક) જેઓનું તારીખ. ૧૧/૦૩/૨૦૨૬ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગત ની ઉત્તરક્રિયા (બારમાં) ની વિધિ તારીખ.૨૨/૦૩/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.
હે પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને ચિર શાંતિ આપે.ઓમ્ શાંતિ
નિવાસસ્થાનઃ- ૧૦૧૩, મીનાક્ષી વાડી, કતારગામ, સુરત.
શોકાતુર પરિવાર,
મંદાકિનીબેન (મંજુબેન) અમૃતભાઈ રાણા (પત્ની)
ચંદ્રકાંત ઠાકોરભાઈ રાણા | સ્વ.ધીરેન્દ્રભાઈ ઠાકોરભાઈ રાણા
દિપકભાઈ ઠાકોરભાઈ રાણા | જયેશભાઈ ઠાકોરભાઈ રાણા
જ્યોતિબેન જે. મરચંટ | હિરેન ઈશ્વરભાઈ રાણા
ગૌરાંગ ઈશ્વરભાઈ રાણા | તથા સમસ્ત રાણા પરિવાર
સ્વ. અમૃતભાઈ (બચુભાઈ) મોરારભાઈ રાણા (રીટા. સેન્ટ્રલ બેંક)
સ્વ. તા. ૧૧/૦૩/૨૦૨૬

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સદા પરિવારને આપ્યાં હૂંફ અને શાતા, ઈલા, સંસ્કાર અને સ્નેહની જન્મદાતા. મીઠી મધુરી ભક્તિ સભર આપની વાણી, નીરવ, જલ્પાના દિલમાં થઈ અમૃત સરવાણી. સમયની વહેતી સરિતા સાથે આપના સ્મરણો વધતા જાય છે. સ્નેહના શિલાલેખ સમા સ્વ. ઈલાબેનના આત્માને પ્રભુ સદ્ગતિ આપે એજ અમારી પ્રાર્થના
- લિ. -
ચંદ્રકાન્ત ચીમનલાલ પટેલ (પતિ)
નિરવ ચંદ્રકાન્ત પટેલ (પુત્ર)
જલ્પા નિરવ પટેલ (પુત્રવધુ)
કૃતિકા આશિષકુમાર માંડાસીવાલા (પુત્રી)
આશીષકુમાર શ્યામસુંદર માંડાસીવાલા (જમાઈ)
ઝીલ, ધ્યેય, અક્ષ, કિયારા
નિવાસસ્થાનઃ ૩૭, જશવંતીનગર સોસાયટી, અમીધારા વાડી સામે, ન્યુ રાંદેર રોડ, સુરત
સ્વ. ઈલાબેન ચંદ્રકાન્ત પટેલ
સ્વ. તા. ૧૩-૦૪-૨૦૨૧
ચૈત્ર વદ એકમ (ચૈત્ર નવરાત્રી)
રીટાયર્ડ શિક્ષિકા એસ.પી. ઝવેરી ગર્લ્સ હાઈસ્કૂલ, ગોપીપુરા, સુરત